જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૯/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૩૨/૧૮

શહેરકોટડા પોલીસ સ્ટેશન :

## સુરત કોસંબા વિસ્તારમાંથી ચોરી થયેલ એરફ્રેશનર પરફ્યુમની બોટલ નંગ- ૫૧૯૬ ૭,૭૪,૨૦૪/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી ક્રાઇમબ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ સુચના આપેલ જેથી પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા નાઓ તથા સ્કોડ ના પોલીસ સબ ઇસ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફનાં માણસો નાઓએ મળેલ બાતમી હકીકત મળેલ કે સુરતમા કોસંબા વિસ્તારમાથી ચોરી થયેલ એરફ્રેશનર પરફ્યુમનો જથ્થો સગેવગે કરનાર આરોપી કિશન ઉર્ફે હિતેષ સિંધી નાનો જે ઇદગાહ સિટી સેન્ટર ખાતે આવેલ છે જેથી સદરી ઇસમની તપાસ કરતા મળી આવતા આરોપી કિશન ઉર્ફે હિતેષ S/O ફતનચંદ જાતે ગીદવાણી (સીંધી) ઉવ.૪૦ રહેઃ- આસોપાલવ એપાર્ટમેન્ટ, બી.એસ.એન.એલ. ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં શાસ્ત્રીનગર અમદાવાદ શહેર મુળવતન :- શુભમ ફલેટ, સીંધી સોસાયટી, બિલાડી બાગ, માનવ આશ્રમ રોડ મહેસાણા નાને તા.૧૮/૯/૨૦૧૮ ના રોજ ઝડપી લીધેલ અને તપાસ દરમ્યાન પોતે ચોરી અગર છળકપટ થી મેળવેલ એરફ્રેશનર પરફ્યુમનો જથ્થો દરિયાપુર મા એક વેપારીને વેચી દીધેલ જેમા પોતાનુ કમિશન મેળવેલ હોવાનુ જણાવતા તપાસ દરમ્યાન ઉપરોકત PURE એરફ્રેશનર પરફ્યુમની બોટલ નંગ-૫૧૯૬ કિં,.રૂ. ૭,૭૪,૨૦૪/- નો મુદ્દામાલ કબ્જે લીધેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા પોતે કાલુપુર અને ઇદગાહ સિટી સેન્ટર ખાતે બેસી લોટસોટ ની દલાલી કરતો હોય જેથી કાલુપુર મદ્રાસીની કિટલી પાસે એક ઇસમે સસ્તામા પરફ્યુમનો જથ્થો વેચવાની વાત કરતા લાલચમા આવી તેની પાસે થી સેમ્પલ મેળવી તેના બીજા દલાલી કરતા મિત્ર દ્વારા દરિયાપુરમા એક વેપારીનો સંપર્ક કરી તેની સાથે પરફ્યુમની એક નંગ બોટલની કિં.રૂ.૩૦/- લેખે સોદો નક્કી કરેલ અને પરફ્યુમનો જથ્થો વેચી દીધેલ જેમા પોતે કમિશન મેળવી લીધેલ હોવાનુ જણાવેલ છે જેથી સદરી પકડાયેલ આરોપી અને કબ્જે લીધેલ મુદ્દામાલને સુરત કોસંબા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૮, ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે સોંપવા સારુ તજવીજ કરવામા આવેલ છે.



**એક મહિના પહેલા ઇન્દોર માં ફાયનાન્સ બેંકના કર્મચારી પાસેથી ૧૦ લાખ રોકડા રૂપિયા ભરેલ બેગની લુંટ કરનાર ટોળકીના એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર માં મિલકત સબંધી ગુન્હાઓ તથા રોકડા રૂપિયા કે દરદાગિનાઓ ભરેલ બેગોની ચોરી ના બનાવો સંબધી ગુન્હાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોસઇશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફ્નાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે આરોપી વિનુભાઇ ચારીયાભાઇ તમયચે (છારા) રહે. છારાનગર, કુબેરનગર, અમદાવાદ નાઓને તા.૧૮/૦૯/૨૦૧૮ નારોજ અટક કરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીએ પુછપરછ દરમ્યાન જણાવેલ કે પોતે અગાઉ નજર ચુકવી ને ચોરી કરવાની ટોળકીઓમા જતો હતો અને હાલમા પૈસાની જરૂર હોય પોતાને ત્યા રહેતા વિવેક ઉર્ફે વિકી ટકલો જે ટોળકીઓ બનાવી ચોરી કરતો હોય એકાદ મહિના પહેલા તેના સાગરીતો સાથે મળી ઇન્દોરમા ચોરી કરવાનુ નક્કી કરેલ અને પોતે ટ્રેન મા બેસી ઇન્દોર ખાતે ગયેલ તેમજ બીજા સાગરીતો અલગ અલગ મો.સા ઉપર ઇન્દોર ગયેલ અને પોતાને રેલ્વે સ્ટેશનથી મેળવી મો.સા ઉપર બેસાડી ગુરૂદ્વારા રોડ ઉપર લઇ ગયેલ અને પોતાને ઉતારી થોડે દુર અવર જવર ઉપર નજર રાખવા જણાવી સાથેના સાગરીતો એક બેન્ક કર્મચારી પાસેની બેગ લુંટ કરી નાસી ગયેલ અને પોતે પણ સાથેના સાગરીત ની મો.સા ઉપર બેસી નાસી જઇ ઇન્દોર બસ સ્ટેન્ડ પાસે ઉતરી ગયેલ અને બસમા બેસી પરત અમદાવાદ આવી ગયેલ અને બે દિવસ પછી પોતાના સાગરીત ઘરે આવીને લુંટમા દસ લાખ રૂપિયા મળેલ હોવાનુ જણાવેલ જેમાથી પોતાનો ભાગ મેળવી લીધેલ હોવાનુ જણાવેલ અને સદરી બાબતે મધ્યપ્રદેશ ઇન્દોર શહેર વિજયનગર પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હોય પકડાયેલ આરોપીને વિજયનગર પો.સ્ટે મા સોપવા સારુ તજવીજ કરવામા આવેલ છે.

<u>ગુનાહીત ઇતિહાસ:-</u>

પકડાયેલ આરોપી સને ૨૦૦૭ તથા ૨૦૦૮ માં દારુના ત્રણ થી ચાર કેસોમા પકડાયેલ છે. તેમજ સને ૧૯૯૯ માં સુરત કતારગામ પોલીસ સ્ટેશન માં તથા સને ૨૦૦૨ માં ડુંગરપુર કાનવાડી પોલીસ સ્ટેશનમાં તથા સને ૨૦04 માં સરદાર નગર પોલીસ સ્ટેશનમાં તથા સને ૨૦૦૬ માં નારણપુરા પોલીસ સ્ટેશનમાં ચોરીની ટોળકીઓમા ભળી નજર ચુકવી ચોરીઓ કરવાના કેસોમા પકડાયેલ છે.



**બે મહિના પહેલા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સેટેલાઇટ આનંદનિકેતન સ્કુલ સામે થી ૪ કિલો ૨૭૦ ગ્રામ ગાંજાના નશીલા પદાર્થ સાથે એક ઇસમ ને ઝડપી લીધેલ જે કેસમાં નાસતા ફરતા એક મહીલા આરોપી બહેન ને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેરમા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોસઇશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફનાં માણસો ને મળેલ હકિકત આધારે મહીલા આરોપી બહેન કમીબેન W/O વિનોદભાઇ જેઠાભાઇ જાતે પરમાર ઉવ. ૪૦ તથા D/O દરગાભાઇ સોલંકી હાલ રહે. ચાર માળીયા, ઔડાના મકાનમાં, ભાઠા ગામ, વાસણા, અમદાવાદ નાઓને તા.૧૮/૦૯/૨૦૧૮ ના રોજ ઝડપી લઇ મહીલા આરોપી બહેનને વધુ તપાસના કામે એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ માં સોંપવા સારુ તજવીજ કરવામા આવેલ છે.

**શાહીબાગ પોલીસ સ્ટેશનઃ**

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અધિ.ના.પો.કમિ.શ્રી 'એફ' ડીવીઝન સાહેબ તથા સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. વી. પી. મકવાણા તથા અ.હેડ કોન્સ.વિજયસિંહ હિન્દુજી બ.નં.૩૧૧૯ તથા અ.પો.કો.ગણેશભાઇ ધર્માભાઇ બ.નં.૭૧૮૭ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હાજર હતા દરમ્યાન અ.હેડ કોન્સ.વિજયસિંહ હિન્દુજી બ.નં.૩૧૧૯ તથા અ.પો.કો.ગણેશભાઇ ધર્માભાઇ બ.નં.૭૧૮૭ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આધારે સિવિલ હોસ્પિટલ હાજર રહી એક ઇસમ નામે- બળદેવભાઈ મહાદેવભાઈ દેસાઈ ઉ.વ.૪૨ રહે-૨૫૩/૨, ચાણક્યપુરી સેક્ટર-૨, ઓમકારેશ્વર મંદીર પાસે, ઘાટલોડીયા,અમદાવાદ શહેરનાઓના કબ્જામાંથી એક બ્લેક કલરનું હિરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા.જેનો આગળ પાછળ RTO નંબર જોતાં GJ-01-LX-161 નો લખેલ છે. જેનો ચેચીસ નંબર જોતા-MBLHA10CGGHH97112 તેમજ એન્જીન નંબર જોતા-HA10ERGHH82695 નો લખેલ વંચાય છે. જે મો.સા.ની હાલની કિંમત રૂ.30,000/- ગણી શકાય તે સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે તેમજ સદરી ઈસમને સી.આર.પી.સી.કલમ-૪૧(૧)(ડી) મુજબ તા.૧૮/૦૯/૧૮ ના કલાકઃ ૧૫/૫૫ વાગે પકડી અટક કરી રાણીપ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૯/૨૦૧૭ ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.

તા.૧૮/૦૯/૨૦૧૮

## ઇક્કો ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારુની હેરાફેરી કરતા ઇસમોને પકડી કિ.રૂ.૩,૪૮,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

### ગણનાપાત્ર

ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી મળેલ સુચના તેમજ અમોએ કરેલ સુચના આધારે પ્રોહીની હેરાફેરીની પ્રવુતી તથા અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવી જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા સાહેબ નાઓ સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીગમાં નિકળેલ અને ફરતા ફરતા કલાક ૨૦/૩૦ વાગે રામોલ રોડ વૈદેહી રેસીડેન્સી પાસે આવતા સાથેના પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ તથા પોકો લાલજીભાઇ જહાભાઇ નાઓએ સર્વેલન્સ પો.સ.ઇશ્રી નાઓને ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે એક ગ્રે કલરની ઇક્કો ગાડી નં. જી.જે.૦૧ આર.યુ.૮૭૫૨ નો ચાલક તેના કબજાની ગાડીમાં કેટલોક ગેર કાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો રાખીને રામોલ રીંગરોડ તરફથી આવીને અત્રે થઇને શહેર તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે તેઓએ બે પંચોના માણસોની હાજરીમાં છુટાછવાયા ઇક્કો ગાડીની વોચમાં હાજર રહી ઇક્કો ગાડીને રોકી ઇક્કોમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ.૧૨૦ કિ.રૂ.૪૮,૦૦૦/- તથા ઇક્કો ગાડીની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૩,૪૮,૦૦૦/- ની ગણી

આરોપીઓ (૧) સંદીપ દશરથસિંહ કુશવાહ ઉવ.૩૦ રહે.એ/૧૨૪૦ અંબિકા નગર ફાયર બ્રીગેડની બાજુમાં ઓઢવ અમદાવાદ શહેર

(૨) હરપાલસિંહ @ હરી સ/ઓ મનોહરસિંહ શેખાવત ઉવ.૨૨ રહે. ધનજીભાઇની ચાલી મહાવીરનગરની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર

નાઓને તા.૧૮/૦૯/૧૮ ના કલાક ૨૧/૩૦ વાગે પકડી પો.સ.ઇ એ.ઓ.ભરવાડ સાહેબ નાઓએ વધુ તપાસ હાથ ધરેલ છે.

: અમરાઇવાડી પોલીસ સ્ટેસન

પ્રોહિબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૮૮૫/૨૦૧૮ તા.૧૮.૦૯.૨૦૧૮ ના પાસા અટકાયતી સોનુ ભગવાનદાસ અગ્રવાલ ઉ.વ.૨૩ રહેવાસી મ.નં.૧ પહેલા માળે સીતારામ ફ્લેટ ગોપાલનગર અમરાઇવાડી અમદાવાદ શહેર ના વિરુધ્ધ ખોખરા પો.સ્ટે (૧) પ્રોહિ ગુ.ર.નં.૫૨૩૦/૧૮ તથા અમરાઇવાડી પો.સ્ટે (૨) પ્રોહિ ગુ.ર.નં.૫૦૧૩/૧૮ તથા (૩) ૫૨૦૯/૧૮ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ જીલ્લા જેલ ભાવનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.